## દિલ સે

**આપનો રોલ મોડેલ(આદર્શ)**
માઈકલ ફલેપ્સ.

**કઈ ચીજ નો સૌથી વધુ ડર લાગે છ ?**
મારા લક્ષ્ય સુધી ન પહોંચી શકવાનો.

**જોયેલું ખરાબ સ્વપ્ન**
સપનાં યાદ નથી રહેતાં

**છેલ્લે ક્યારે રડ્યા હતા ?**
કોમ્પિટિશનમાં હાર પછી

**છેલ્લે ક્યારે સૌથી વધુ ખુશ થયા હતા ?**
નવેમ્બર-૨૦૧૧ માં નેશનલ કોમ્પિટિશનમાં રેકોર્ડ બનાવ્યો ત્યારે.

**ઘેલછા કહી શકાય તેવો શોખ**
ખાવાનો શોખ.

**કોઈ વહેમ ખરો**
જીતેલી રેસ પછી બધી રેસમાં એ જ પ્રમાણે કરવું.

**ઈર્ષા આવે એવું કાઈનું નસીબ...**
સ્ટીવ જોબ્સ.

**અન્યના વ્યક્તિત્વની કઈ ખૂબી ગમે ?**
વ્યક્તિ મહેનતુ હોય એ.

**અન્યના વ્યક્તિત્વની કઈ ખામી ખટકે ?**
દેખાડો કરે તે.

**દેશ વિશે શું વિચારો છો ?**
દેશ પ્રગતિના પંથે જઈ રહ્યો છે.

**આપની દૃષ્ટિએ પ્રેમ એટલે...**
સંભાળ રાખવી તે.

**આપની દૃષ્ટિએ લગ્ન એટલે**
કરવાના બાકી છે.

**પુનર્જન્મ કન્ફર્મ કરવાનો હોય તો શું બનવા માંગો ?**
મારા પપ્પા જેવા વ્યક્તિ.

**આપની સફળતાનું રહસ્ય ?**
મહેનત, આત્મવિશ્વાસ અને લક્ષ્ય.

**આપ અન્ય લોકોને આપવા ઈચ્છતા હો તેવો સંદેશ એક વાક્યમાં જણાવો.**
આપના લક્ષ્યમાંથી ક્યારેય વિચલિત ન થવું.

**મનપસંદ ગાડી**
ફેરારી.

**મનપસંદ અભિનેતા**
શાહરૂખખાન

**મનપસંદ અભિનેત્રી**
દીપિકા પાદુકોણે

**મનપસંદ ફિલ્મ**
૩ ઈડિયટસ



**રાહુલ ચોક્સી**
સ્વિમર

રાહુલ ચોક્સી સળંગ નવ વર્ષ સુધી રાજ્ય જૂથ ચેમ્પિયનશિપ જીતી ઉપરાંત રાજ્ય સ્તરની ચેમ્પિયનશિપમાં ૧૨૪ મેડલ મેળવી ચૂક્યા છે. નવેમ્બર ૨૦૧૧ માં ૫૪ મી મલેશિયન સ્વિમીંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવી ચૂક્યા છે.



**મનપસંદ રાજકારણી**
રાહુલ ગાંધી.

**ગમતો કોમેડિયન**
રસેલ પિટર્સ

**મનપસંદ ટીવી કાર્યક્રમ**
ફ્રેન્ડસ.

**મનપસંદ કમર્શિયલ જાહેરખબર**
કોકા-કોલાની.

**નવું ગમતું ગીત**
સુબહ હોને ના દે(દેશી બૉયઝ)

**છેલ્લી ખરીદી**
જેકેટ.

**તમારા વિશે એક વાક્યમાં તમારો અભિપ્રાય શું હોઈ શકે ?**
હું હજુ ઘણી મહેનત કરી શકું એમ છું.

**તમે આ ક્ષેત્રમાં ના હોત તો ક્યા ક્ષેત્રમાં હોત ?**
ફુટબોલ.

**ઘરથી બહાર નીકળો ત્યારે અનિવાર્યપણે તમારી પીસે હોય તેવી ચીજ ?**
મોબાઈલ ફોન.

**એક ચોરી માફ કરવામાં આવે તો શું ચોરવું પસંદ કરો ?**
કોહિનૂર.

**સૌથી વધુ ગુસ્સો ક્યારે થાવ છો ?**
ધાર્યું ન થાય ત્યારે.

**જીવન પાસે પૂરી કરાવવા ઈચ્છતા હો તેવી ઈચ્છા...**
ઓલિમ્પિકમાં ભાગ લેવાની.

**માસ્ક પાર્ટીમાં કયો માસ્ક પહેરવાનું પસંદ કરો ?**
બેટમેનનો.

**તમારી જિંદગીને એક વાક્યમાં વર્ણવવી હોય તો...**
હજુ જિંદગી ઘણી બાકી છે.

**જુઠ્ઠુ ક્યારે બોલો છો ?**
નથી બોલતો.

**અત્યારે કયું પુસ્તક વાંચો છો.**
'ઈટ્સ નોટ એબાઉટ ધ બાઈક' :- લેન્સી આર્મસ્ટ્રોંગ

**ગમતા ગુજરાતી લેખક-કવિ**
કોઈ નહિ.

**એક વ્યક્તિ જેણે પ્રથમ મુલાકાતમાં જ તમારા પર પ્રભાવ પાડ્યો હોય..**
નરેન્દ્ર મોદી.

**જીવનમાં કોઈ એક ભૂજલ સ્વીકારવાની હોય તો..**
એવી કોઈ ભુલ નથી. ■